## વલસાડમાં સિટી બસની માહિતી ન હોવાથી લોકો હેરાન

**શહેરમાં** સુવિધા ઓછી હોવાથી લોકો પરેશાન

વલસાડઃ મુખ્યમંત્રી શહેરી બસ પરિવહન યોજના શહેરી વિસ્તારોમાં ટ્રાફિકનું ભારણ ઘટશે અને પ્રદૂષણમાં ઘટાડો થતાં પર્યાવરણને ફાયદો થશે એવા વાયદાઓ સાથે વાપી, વલસાડમાં યોજના હાલ કાર્યરત છે. પરંતુ તે શહેર કરતા ગ્રામીણ વિસ્તારો સુધી વિસ્તારવાને લઈ શહેરના ઘણા ભાગોમાં આ બસ પહોંચી નથી જેથી શહેરીજનોએ ફરજિયાત દ્વિચક્રી વસાવી તેના દ્વારા પોતાના કામ ધંધો સંભાળવો પડે છે. વિશેષ કરી વલસાડ સિવિલ સુધી વધુ અને નિયમિત બસ દોડાવવી જરૂરી છે.

શહેરી નાગરિકોની રોજિંદી મુસાફરીને વધુ સુવિધાયુક્ત અને સમયબદ્ધ બનાવવાનો સરકારનો મુખ્ય લક્ષ્યાંક સિદ્ધ કરવામાં આ યોજના વિફળ રહી છે. ઠેઠ અતુલ સુધી બસ દોડાવવાના બદલે તિથલ કોલેજ કેમ્પસ સિવિલ કે શહેરના વિવિધ વિસ્તારોને જોડતા માર્ગો ઉપર વધુ બસ દોડાવવાની માંગણી શહેરીજનો કરી રહ્યા છે. વલસાડ વિસ્તારમાં દોડતી શહેરી બસ સેવાના સ્ટોપેજ-સમય પત્રક રૂટની માહિતી સ્ટેન્ડસૂચક પાટિયાં જ નથી.



### દબાણો જ એટલાં છે કે રાહદારીઓ ચાલી શકે તેમ જ નથી

ધરમપુર માર્ગે રેલવેની દીવાલને લાગુ જે રેલિંગ બની છે તેમાં માત્ર દબાણો થયા છે, રાહદારી ચાલી શકે એવી સ્થિતિ જ નથી. જાહેરાતના હોર્ડિંગ્સ કાઢી નાખી ભરચક વિસ્તારમાં ફૂટપાથ બનાવવી જરૂરી છે. જેથી સલામત અવરજવર કરી શકાય. મહાનગરપાલિકાની ખેવના કરતા વલસાડ શાસકો નાગરિકોને સારી સુવિધા પૂરી પાડે તે સમયની માંગ છે.

## બગવાડા ટોલનાકા પાસે 108 એમ્બ્યુલન્સને ટક્કર મારી ટ્રકચાલક ફરાર

પારડી : પારડી તાલુકામાં બગવાડા હાઈવે ટોલનાકા પાસે 108 એમ્બ્યુલન્સને એક ટ્રકચાલકે ટક્કર મારી નુકસાન પહોંચાડ્યા બાદ સ્થળ પરથી ફરાર થઈ જતાં પારડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે.

ફરિયાદી સુલેમાનભાઈ દિનેશભાઈ દેશમુખ (ઉ.વ. 30), મૂળ ડાંગ જિલ્લાના રહેવાસી અને હાલ બલીઠા, વાપી ખાતે રહે છે. તેઓ છેલ્લા સાત મહિનાથી 108 ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવામાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે.

18 જૂનના રોજ તેઓ પરીયા ગામેથી ઈજાગ્રસ્ત દર્દીને સારવાર માટે વલસાડની અમિત હોસ્પિટલમાં પહોંચાડ્યા બાદ વાપી ફાયર સ્ટેશન ફેઝ-1 ખાતે આવેલા પોતાના પોઈન્ટ પર પરત ફરી રહ્યા હતા. સાંજે આશરે 6 વાગ્યે બગવાડા ટોલનાકા નજીક જાહેર શૌચાલય સામે નેશનલ હાઈવે-48 પર પાછળથી આવેલા ટાટા આઈશર ટ્રકના ચાલકે 108 એમ્બ્યુલન્સની ડ્રાઈવર સાઇડના દરવાજા અને આગળના બોનેટના ભાગે ટક્કર મારી હતી.

અકસ્માત બાદ ટ્રક ચાલક વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. બનાવની જાણ 112 ઈમરજન્સી સેવાને કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. આ મામલે પારડી પોલીસે અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ બેદરકારીપૂર્વક વાહન ચલાવી અકસ્માત સર્જી સરકારી ઈમરજન્સી સેવાના વાહનને નુકસાન પહોંચાડવા અંગે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## નળીમધની ગામના વિદ્યાર્થીઓ મંદિરમાં ભણવા મજબૂર બન્યા

**67** બાળક સમસ્યાઓ વચ્ચે શિક્ષણ મેળવી આપી રહ્યા છે

વલસાડઃ નાનાપોંઢા તાલુકાના અંતરિયાળ અને આદિવાસી વિસ્તારના નળીમધની ગામના મધની ફળિયાની પ્રાથમિક શાળાના ઓરડાઓ તોડી નખાયા બાદ ફરી નવા ન બનતા હાલ 67 વિદ્યાર્થીઓ નજીકના સ્વામીનારાયણ મંદિરમાં શિક્ષણ મેળવી રહ્યા છે. હાલ ભયંકર તાપમાં માસુમ અત્યંત કપરી પરિસ્થિતિમાં અભ્યાસ કરી રહ્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, આવતા અઠવાડિયાથી શાળા પ્રવેશોત્સવ ઉજવાશે તેની તૈયારીઓ થઈ રહી છે, ત્યારે નળી મધની ગામની મધની ફળિયામાં આવેલી અને બાલવાટિકાથી ધોરણ-5 સુધીના કુલ 67 વિદ્યાર્થીઓ અને 3 શિક્ષકોનો સમાવેશ એવી શાળાના ઓરડાઓ તોડી નાખ્યા બાદ કોઈ અન્ય વૈકલ્પિક વ્યવસ્થા ન હોય અને શાળા મકાન ન હોવાથી હાલમાં વિદ્યાર્થીઓને ગામના સ્વામિનારાયણ મંદિરમાં અસ્થાયી વ્યવસ્થા હેઠળ અભ્યાસ કરાવવામાં આવી રહ્યો છે.



### વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવી

કપરાડા તાલુકા ઇન્ચાર્જ ટી.પી.ઓ. મનોજભાઈ ટંડેલે જણાવ્યું કે, નળી મધની ગામની મધની ફળિયા સ્થિત શાળાના ઓરડાઓ જર્જરીત હોય સુરક્ષા હેતુસર તોડી પડાયા હતા, નવા બનાવવા માટેની કાર્યવાહી થઈ છે, હાલ વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે બાળકોને મંદિરમાં બેસાડવામાં આવે છે.



## જૂનાથાણા વિસ્તારમાં અકસ્માત સર્જાતા ટ્રાફિક જામ

નવસારીઃ નવસારીના જૂનાથાણા વિસ્તારમાં પીક અવર્સ દરમિયાન ડમ્પર અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ ઊભી થઈ હતી. અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ બંને વાહનોને નુકસાન પહોંચ્યું હતું. એક કારને ડમ્પરે ટક્કર મારતા કારના પાછળના ભાગને નુકસાન થયું હતું. અકસ્માત બાદ બંને વાહનચાલકો વચ્ચે દલીલો થતાં માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી અને અકસ્માતગ્રસ્ત વાહનોને રસ્તાની સાઈડમાં ખસેડી ટ્રાફિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી હતી.

### વલસાડમાં વરસાદી ઝાપટાં, વાપીમાં ઠંડો પવન ફૂંકાયો




વાપીમાં બે દિવસીય વરસાદી માહોલ જામ્યા બાદ શુક્રવારે વાતાવરણ ચોખ્ખુ રહ્યું હતું અને દિવસે ક્યારેક ઠંડો પવન ફૂંકાતો હતો અને ક્યારેક કાળા ડિબાંગ વાદળો ઘેરાતા હતાં. વરસાદ વરસ્યો ન હતો. તો બીજી તરફ વલસાડમાં શુક્રવારના રોજ વહેલી સવારે જ વરસાદી ઝાપટાઓ પડયા હતાં. જેને લઈ અવરજવર કરનારાઓ નાછૂટકે ભીંજાયને ગંતવ્ય સ્થળે પહોંચી રહ્યા હતાં. વરસાદ વરસવાને લઈ વાતાવરણમાં થોડા સમય માટે ઠંડક પ્રસરી ગઈ હતી.

## ડાંગના ગાઢવીમાં મહિલા જાગૃતિ માટે સેમિનાર યોજાયો

**ડાંગના** ગાઢવી ગામે કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી અંગે સેમિનાર યાજાયો

સાપુતારાઃ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, આહવા-ડાંગ દ્વારા બુધવારે ગાઢવી ગામે મહિલાઓની સુરક્ષા, સન્માન અને અધિકારો અંગે જાગૃતિ લાવવાના હેતુથી કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી પ્રતિબંધ અધિનિયમ-2013 (POSH Act) વિષયક એક દિવસીય જાગૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડૉ. મનીષાબેન મુલતાનીએ મહિલાઓ માટે સુરક્ષિત, સન્માનજનક અને ભેદભાવમુક્ત કાર્યપર્યાવરણ ઉભું કરવાની સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમણે આંતરિક ફરિયાદ સમિતિ (ICC), પોક્સો અધિનિયમ, ભારતીય દંડ સંહિતા તથા POSH એક્ટની જોગવાઈઓ અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન જાતીય સતામણી સંબંધિત જાગૃતિ ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતુ. દહેજ પ્રતિબંધ સહ રક્ષણ અધિકારી કમલેશભાઈ ગિરાસે દ્વારા POSH Act-2013 હેઠળ મહિલાઓને મળતા અધિકારો, ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા અને જિલ્લા સ્તરે રચાયેલી સ્થાનિક ફરિયાદ સમિતિ (LCC) વિશે માહિતી આપવામાં આવી હતી.

## વાપીમાં પગારના પૈસા માંગ્યા તો સુપરવાઈઝર સહિત બે ઈસમોએ માર્યો

વાપીઃ વાપી ડુંગરા પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ વાપી નજીકના છીરી, જલારામનગર સ્થિત ચાલીમાં સુરજ ઈતવારીલાલ રાજપૂત (ઉં.34) રહે છે અને કંપનીમાં નોકરી કરે છે. ગત બુધવારે પત્ની સાથે સાંજે સાડા છએક વાગ્યાની આસપાસ મોપેડ લઈને શાકભાજી લેવા નીકળ્યા હતાં. તે સમયે કંપનીના સુપરવાઈઝર તાપસ મુનાસા કુડું અને વિનોદસીંગ કૈલાશસીંગ રાજપૂત (બંને રહે. છીરી, રામનગર, વાપી) માર્ગમાં મળતા તાપસ પાસે પગારના પૈસાની માંગણી કરી હતી જેથી બંને ઉશ્કેરાઈ ગયા હતા અને ઝઘડો કરી ઢીક્કામુક્કીનો માર માર્યો હતો. તાપસે પથ્થર વડે મોં પર માર્યો હતો.

## પારડીમાં જુગાર રમતા 3 જુગારી ઝડપાયા, 3 ફરાર

પારડીઃ પારડી પોલીસે ભેસલાપાડમાં રહેતા બિપીનના ઘરના ઓટલા ઉપર ગંજીપાનાનો જુગાર રમતા ત્રણને ઝડપી પાડ્યા હતા જ્યારે ત્રણ ઈસમો સ્થળ ઉપરથી ભાગી છૂટ્યા હતા. પકડાયેલોઓમાં નિકુલ ધનસુખભાઈ રાણા (રહે. મોદી સ્ટ્રીટ, પારડી), હેમલ નરેશ પટેલ (રહે. મોતીવાડા, તા. પારડી) અને સલમાન હૈદર શેખ (રહે. પારડી)નો સમાવેશ થાય છે.. જ્યારે બીપીન ઉર્ફે કાળીયો (રહે. ભેસલાપાડ), નિમેશ (રહે. પલસાણા) અને લતેશ ત્રણેના પુરા નામઠામની ખબર નથી જેને પોલીસે વોન્ટેડ બતાવ્યા હતા. દાવ ઉપર મૂકેલા રોકડ 5,380, મોબાઈલ, આરોપીઓ પાસેથી 54,350 રોકડા, બે મોપેડ સહિત કુલ રૂ. 1.54 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## ડાંગ જિલ્લામાં ચાર નવી માધ્યમિક શાળા શરૂ થશે

**કડમાળ**, ગોંડલવિહિર, કોટબા અને હનવંતપાડામાં માધ્યમિક શાળા કાર્યરત થશે

સાપુતારાઃ નવી શાળાઓ શરૂ થતાં વિદ્યાર્થીઓને પોતાના ગામની નજીક અને એક જ કેમ્પસમાં પ્રાથમિકથી લઈને માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરવાની તક ઉપલબ્ધ બનશે.

આહવા તાલુકાના કડમાળ, ગોંડલવિહિર, અને કોટબા તેમજ સુબિર તાલુકાના હનવંતપાડા ખાતે કુલ ચાર નવી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. આ શાળાઓ આર.એમ.એસ.એ (RMSA) યોજના અંતર્ગત કાર્યરત થશે, અને હાલની પ્રાથમિક શાળાના કેમ્પસમાં જ શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકારનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ માટે દૂર જવાની જરૂરિયાત ઘટે, અને તેઓ સરળતાથી ધોરણ ૧૨ સુધીનું શિક્ષણ પૂર્ણ કરી શકે તેવો છે. આ નવી વ્યવસ્થાથી ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોના વિદ્યાર્થીઓને વિશેષ લાભ મળશે ડાંગ જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારી જિગ્નેશ ત્રિવેદીએ આગામી કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-2026ને ધ્યાનમાં રાખીને કડમાળ, ગોંડલવિહિર, કોટબા, હનવંતપાડા તેમજ આસપાસના ગામોના વાલીઓ અને વિદ્યાર્થીઓને, આ નવી મંજૂર થયેલી માધ્યમિક શાળાઓમાં ધોરણ-9માં પ્રવેશ મેળવવા અનુરોધ કર્યો છે.

## નવસારીમાં દબાણ હટાવી રસ્તો 15 મીટર પહોળો કરાયો

**રસ્તો** પહોળો થતાં ટ્રાફિકની સમસ્યામાંથી લોકોને મુક્તિ મળશે



નવસારીઃ જલાલપોર તાલુકાના વ્યસ્ત એરુ ચાર રસ્તા વિસ્તારમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા ગેરકાયદેસર દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. નેશનલ હાઈવે સાથે જોડાતા માર્ગને પહોળો કરવાની યોજનાના ભાગરૂપે JCBની મદદથી દબાણો દૂર કરવામાં આવ્યા હતા.

માર્ગની બંને બાજુ આવેલા નડતરરૂપ દબાણો, પાકા ઓટલા અને અન્ય અવરોધો હટાવી આશરે 15-15 મીટર સુધી માર્ગને ખુલ્લો કરવામાં આવ્યો હતો. કામગીરી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો હતો.

માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની હાજરીમાં હાથ ધરાયેલી આ કામગીરીમાં સ્થાનિક વેપારીઓએ પણ સહકાર આપ્યો હતો. માર્ગ પહોળો થતાં ભવિષ્યમાં ટ્રાફિકની સમસ્યામાં રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ચાલુ રિક્ષામાંથી કૂદી પડેલા સુરતના યુવકનું સારવાર દરમિયાન મોત

**પાંડેસરાનો** યુવાન મિત્રો સાથે ઉભરાટ ફરવા ગયો હતો

નવસારીઃ ઉભરાટ-દીપલા રોડ પર ચાલુ રિક્ષામાંથી કૂદી પડતાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત થયેલા 19 વર્ષીય યુવકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

સુરતના પાંડેસરા ખાતે રહેતા ધ્રુવ મહેશભાઈ થોપટે (ઉં.વ.19) ગત 14 જૂને પોતાના મિત્ર સાથે ઉભરાટ દરિયાકિનારે ફરવા આવ્યાં હતા. સાંજે સુરત પરત ફરી રહ્યા હતા ત્યારે ઉભરાટ અને દીપલા ગામ વચ્ચે અચાનક ચાલુ રિક્ષામાંથી નીચે કૂદી પડતાં તેમને છાતી અને બંને પગમાં ગંભીર ઇજાઓ પહોંચી હતી.

ઇજાગ્રસ્ત ધ્રુવને પ્રથમ નવસારી સિવિલ હોસ્પિટલ અને બાદમાં વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે સારવાર દરમિયાન 18 જૂને તેનું મોત નીપજ્યું હતું. મરોલી પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બીલીમોરામાં વીજ કંપનીની પ્રિ-મોન્સૂન કામગીરીથી રાહત

બીલીમોરાઃ બીલીમોરા નગરપાલિકા અને દક્ષિણ ગુજરાત વીજ કંપનીએ વીજ પુરવઠો પૂરો પાડવા માટે પ્રિ મોન્સૂન કામગીરી હાથ ધરી હતી. શહેરના વિવિધ વિસ્તારોમાં શોર્ટ સર્કિટ ટાળવા લટકતા વાયરો, ઢીલા જંપરો, સ્વીચ સહિત અનેક ક્ષતિઓ દૂર કરાઈ હતી. ચોમાસામાં વીજ પુરવઠો યથાવત જાળવી રાખવા વીજ કંપની તકેદારી દાખવી રહી છે. વીજ લાઈનને નડતરરૂપ વૃક્ષોની ડાળખીઓ દૂર કરાઈ હતી. જેને કારણે આગામી ચોમાસામાં વીજ પ્રવાહ સારી રીતે જળવાઈ રહેવા સાથે વીજળી ડુલ ની સમસ્યા દૂર થશે.





## વાપી : ભાજપ પ્રદેશ અધ્યક્ષે બે કંપનીની મુલાકાત લીધી

**વાપીમાં** મેરીલલાઇફ સાયન્સિસ, વલસાડ નજીક અતુલ કંપનીની માહિતી મેળવી

વાપીઃ ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા શુક્રવારે વાપી તેમજ અતુલમાં બે મોટા ઉદ્યોગોની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે વાપીમાં મેરીલ લાઈફ સાયન્સિસ કંપની તેમજ વલસાડ નજીક અતુલ લિમિટેડની મુલાકાત લઈ તેમના માલિક સાથે કંપનીના ઉત્પાદન અંગેની વિગતો કંપનીની વિઝીટ દ્વારા મેળવી હતી.

વાપી ખાતે મેરિલ લાઈફ સાયન્સિસના હેડક્વાર્ટરની મુલાકાત દરમિયાન કંપનીના પ્રોડક્ટ્સ અને તબીબી ઉપકરણો વિશે જાણકારી મેળવી હતી. મેરીલના ચેરમેન અંજુમભાઈ બિલખિયા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહીને મેરીલ કંપનીના ઉત્પાદનો વિશે માહિતી પૂરી પાડી હતી. અતુલ લિમિટેડની મુલાકાત દરમિયાન જગદીશભાઈએ અતુલ કંપનીના ચેરમેન સુનિલભાઈ લાલભાઈ સાથે સંવાદ કરી પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈ મોદીના 12 વર્ષના શાસનમાં થયેલા નિર્ણયો અને સિદ્ધિઓની માહિતી આપી હતી.

આ પ્રસંગે ભાજપના પ્રદેશ મહામંત્રી ડો. પ્રશાંતભાઈ કોરાટ, કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, નરેશભાઈ પટેલ અને જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા ઉપસ્થિત રહ્યા હતા.

## વાપી આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કૉલેજમાં એમબીએ અભ્યાસક્રમનો આરંભ

વાપીઃ આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કૉલેજ, વાપી દ્વારા શૈક્ષણિક વર્ષ 2026-2027થી એમ.બી.એ. અભ્યાસક્રમની શરૂઆત કરવામાં આવી રહી છે. આ અભ્યાસક્રમ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (GTU) સાથે સંલગ્ન રહેશે. જે વિસ્તારના વિદ્યાર્થીઓ માટે એક ઉત્તમ તક સાબિત થશે. MBA પ્રવેશ પ્રક્રિયા માટે કોલેજને હેલ્પ સેન્ટર તરીકે નિયુક્ત કરવામાં આવી છે. MBAમાં પ્રવેશ મેળવવા ઈચ્છૂક વિદ્યાર્થીઓ કોલેજની મુલાકાત લઈ પ્રવેશ સંબંધિત માર્ગદર્શન, કાઉન્સેલિંગ તેમજ ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયામાં સહાય મેળવી શકશે. આર. કે. દેસાઈ ગ્રુપ ઓફ કૉલેજ, વાપીનો સવારે 9થી બપોરે 3 વાગ્યા સુધી સંપર્ક કરી શકાશે.

## દંપતીની નજર ચૂકવી પાંચ લાખના મંગળસૂત્રની ચોરી

**મુસાફરોના** સ્વાંગમાં રિક્ષામાં બેસેલા ત્રણ અજાણ્યાએ પાંચ તોલાનું મંગળસૂત્ર ચોરી લીધું

વાપીઃ વાપી ટાઉન પોલીસ સાંઈનાથ કોમ્પ્લેકસ, નવસારીમાં ખીમજીભાઈ ભાણજીભાઈ ગજરા (ઉં.64) રહે છે. વાપી છરવાડા રોડ, સૌરાષ્ટ્ર લેઉઆ પટેલની વાડીમાં વેવાઈના દીકરાના લગ્નપ્રસંગ હોય ગત તા.9-5-26ના રોજ દંપતી નવસારીથી સૌરાષ્ટ્ર જનતા એકસપ્રેસ ટ્રેનમાં વાપી સ્ટેશન પર આવી પહોંચ્યા હતા અને ત્યાંથી તેઓ ગીતાનગર બાજુ રેલવે સ્ટેશનની સામે ઓટો રીક્ષામાં બેસી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલની વાડીએ જવા નીકળ્યા હતાં. રીક્ષામાં આગળના ભાગે એક તથા પાછળની સીટમાં બે ઈસમો બેસેલા હતાં. જે પૈકી રીક્ષાચાલકે આગળ બેસેલ ઈસમને પાછળ બેસાડી દીધો હતો અને ખીમજીભાઈને બેગ સાથે આગળ બેસાડયો હતો. જે બાદ રીક્ષાચાલકે બેગ નડતી હોવાનું જણાવી બેગ લઈ પાછળ બેસેલ ઈસમને આપી હતી. જે બાદ રીક્ષા ગંતવ્ય સ્થળ પર આવેલ સ્ટોર પાસે ઉભી રાખી હતી અને પાછળ બેસેલ ઈસમે બેગ પરત આપી હતી. ત્યારબાદ રીક્ષાચાલકે ઈસમને પૂછ્યું કે આપણું કામ થઈ ગયું જેથી તેણે હકારમાં માથું હલાવ્યું હતું. દંપતી સમાજની વાડી પર ગયા અને રૂમ પર પહોંચી બેગમાં તપાસ કરતા અંદર મૂકેલું પાંચ તોલાનું મંગળસૂત્ર (કિંમત 5 લાખ) મળ્યું ન હતું. આ બનાવ અંગે ખીમજીભાઈ ગજરાએ વાપી ટાઉન પોલીસ મથકમાં રીક્ષાચાલક તથા અન્ય 3 ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી.


**મે. ચીખલીના પ્રિન્સીપાલ સિનીયર સિવિલ જજ સાહેબની કોર્ટમાં મુ. ચીખલી**

વાદીઃ (૧) જયુશિકા રમણલાલ દેસાઈ વિગેરે ... રે.દિ.મુ. નં. ૫૧/૨૦૨૪
રહે. ૨/સી-૭૦૧, ગ્રીનસીટી, ભાઠા, સુરત. મુદત તારીખઃ ૨૧/૦૮/૨૦૨૬

**વિરૂધ્ધ**

પ્રતિવાદી નં.: ૧૪ દેવયાની નવનીતરાય દેસાઈના વારસદારો
સુચિત પ્રતિવાદી નં.: (૧૪/૧) સ્મિત નવનીતરાય દેસાઈ
રહે. મણીભવન પાસે, બીલીમોરા, તા. ગણદેવી, જી. નવસારી
સુચિત પ્રતિવાદી નં.: (૧૪/૨) નિશાબેન નવનીતરાય દેસાઈ
રહે. મણીભવન પાસે, બીલીમોરા, તા. ગણદેવી, જી. નવસારી
પ્રતિવાદી નં.: ૧૬ હિરેન નવનીતરાય દેસાઈ ના વારસદારો
સુચિત પ્રતિવાદી નં.: (૧૬/૨) હિતેશભાઈ હિરેનભાઈ દેસાઈ
રહે. ચીખલી, તા. ચીખલી, જી. નવસારી

**:: જાહેર સમન્સ ::**

આ દાવાના વાદીએ ઉપરોક્ત નંબરનો દાવો નામદાર કોર્ટમાં પ્રતિવાદીઓ સામે દાવોઃ જાહેરાતનો, કાયમી મનાઈનો અને હદ હુદ નિશાન નક્કી કરી સરસ નરસ વહેચણ કરવા મેળવવા બાબતનો અરજ કરેલી છે. તમો સુચિત પ્રતિવાદી નં. (૧૪/૧) (૧૪/૨) અને (૧૬/૨) સદર દાવામાં જણાવેલ તમારા સરનામે નામદાર કોર્ટના પ્રોસેસ બેલીફ મારફત બજાવવા જતા પ્રોસેસ તમોને બજતા નથી. જેથી તમોને દૈનિક સમાચાર પત્ર દ્વારા નામદાર કોર્ટના પ્રોસેરની બજવણી જાહેર રીતે કરવામાં આવેલ છે સદર દાવાની હવે પછીની ઠરાવ તારીખઃ ૨૧ માહે ઓગસ્ટ સને ૨૦૨૬ રાખવામાં આવેલ છે. જેથી તે દિવસ તમોએ જાતે અગર વકીલશ્રી મારફત સવારે ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં ચીખલી હાજર રહેવું. જો તમો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરીમાં સદર ઉપરોક્ત નંબરના દાવાની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો. આજ તા. ૩૦ મી માહે એપ્રિલ સને ૨૦૨૫ ના રોજ મોજે મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | | હુકમથી, |
|---|---|---|---|
| સહી/- | સહી/- | કોર્ટનો સિક્કો | સહી/- |
| આસીસ્ટન્ટ | સુપ્રિટેન્ડન્ટ | | રજીસ્ટ્રાર |
| પ્રિન્સીપાલ સિનિ. | પ્રિન્સીપાલ સિનિ. | | પ્રિન્સીપાલ સિનિ. |
| સિવિલ કોર્ટ ચીખલી | સિવિલ કોર્ટ ચીખલી | | સિવિલ કોર્ટ ચીખલી |